CCTV માં શંકાસ્પદ યુવક કેદ, પરિવારે તંત્ર-મંત્રની શંકા વ્યક્ત કરી

બાજવામાં ચાની કિટલીના સિલિન્ડરમાં ધડાકો!

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

વડોદરાના બાજવા વિસ્તારમાં મોડી રાત્રે ચાના ગલ્લામાં સિલિન્ડર બ્લાસ્ટની ચકચારી ઘટના બની છે. રાજસ્થાન કોલોનીમાં 5 કિલોના સિલિન્ડરમાં બ્લાસ્ટથી ગલ્લો ખંડિત થયો હતો. બીજી તરફ CCTV માં શંકાસ્પદ યુવક કેદ થતા પરિવારે તંત્ર-મંત્રની શંકા વ્યક્ત કરી છે. બાજવા-કરચિયા રોડ પર આવેલી રાજસ્થાન કોલોનીમાં સુખી ભાટી નામની મહિલા દ્વારા ચલાવવામાં આવતા ચાના ગલ્લામાં 5 કિલોના LPG સિલિન્ડરમાં અચાનક બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે ચાનો ગલ્લો સંપૂર્ણપણે ખંડિત થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મહિલાની રોજીરોટી છીનવાઈ ગઈ છે. પરિવારનો આક્ષેપ છે કે, બ્લાસ્ટ પહેલા એક અજાણ્યો યુવક ગલ્લા પાસે કંકુ, ચોખા અને ઘઉં ભરેલી પોટલી મૂકી ગયો હતો. આ સમગ્ર ઘટના નજીકના CCTV કેમેરામાં કેદ થઈ છે, જેમાં શંકાસ્પદ યુવક જોવા મળી રહ્યો છે. જેથી આ આગ અકસ્માત છે કે, કોઈએ ઈરાદાપૂર્વક લગાડી છે, તેને લઈને અનેક સવાલો ઉભા થયા છે. પરિવાર દ્વારા સમગ્ર મામલે પોલીસને જાણ કરવામાં આવી છે અને CCTV ના આધારે તપાસ કરી ન્યાય અપાવવાની માંગ કરવામાં આવી છે. પરિવારજનોનું કહેવું છે કે, આ કોઈ આકસ્મિક ઘટના નથી, પરંતુ કોઈ અજાણી વ્યક્તિએ ઈરાદાપૂર્વક આ કૃત્ય કર્યું છે.





તાંત્રિક વિધિની આશંકા

બનાવ બન્યો તે પહેલા કોલોનીમાં એક શંકાસ્પદ યુવકને પ્રવેશતા જોવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. તે યુવકના હાથમાં એક પોટલી હતી. જેમાં કંકુ, ચોખા અને ઘઉં જેવી પૂજા સામગ્રી હતી, જે પરિવારના ઘરના મુખ્ય દરવાજા પાસે મૂકવામાં આવી હતી. આ અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિ જેવી પ્રવૃત્તિ બાદ જ દુકાન/ગલ્લામાં આગ લગાડવામાં આવી હોવાની શંકા પરિવારે વ્યક્ત કરી છે અને સમગ્ર મામલે સ્થાનિક પોલીસને જાણ કરી હતી.

કેન્સરની જીવદુર્લભ દવાઓ સસ્તી થતાં દર્દીઓને મોટી રાહત

કેન્દ્ર સરકારના ઐતિહાસિક નિર્ણયને વધાવતુ વડોદરા કેમિસ્ટ એસોસિએશન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧

કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્યક્ષેત્રે લેવાયેલા ક્રાંતિકારી નિર્ણયો અને કેન્સર જેવી ગંભીર બીમારીની દવાઓ પર ભાવના કડક નિયંત્રણ લાવવાના ઐતિહાસિક પગલાને વડોદરા-છોટાઉદેપુર કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશને હર્ષભેર આવકાર્યો છે. આ નિર્ણયોથી સામાન્ય અને મધ્યમ વર્ગના દર્દીઓને મોટી રાહત મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. ગત ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાની પડતર કિંમત અને મહત્તમ ખુલ્લા બજાર ભાવ વચ્ચેના આશરે ૧૦ ગણા જેટલા જંગી અને અસાધારણ તફાવત અંગે ગંભીર નોંધ લીધી હતી. સર્વોચ્ચ અદાલતના આ નિર્દેશ બાદ કેન્દ્ર સરકારે માત્ર ૨૯ દિવસના ટૂંકા સમયગાળામાં જ સરાહનીય અને કડક પગલાં લીધા હતા. સરકારે ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ કેન્સરની ૧૩૭ મૂળ નોન-શિડ્યુઅલ દવાઓ પર ટ્રેડ માર્જિન રેશનાઇઝેશન લાગુ કરીને તેનો વેપાર નફો મહત્તમ ૩૦ ટકા સુધી સીમિત કરી દીધો હતો. ત્યારબાદ, નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇસિંગ ઓથોરિટી દ્વારા વિવિધ ફાર્માસ્યુટિકલ કંપનીઓના ૫૪૩ બ્રાન્ડ પેકના સુધારેલા અને ઘટાડેલા ભાવોની અધિકૃત યાદી ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવી છે. આ નિર્ણાયક પગલાના પરિણામે કેન્સરની સારવારમાં વપરાતા ઈન્જેક્શનોના ભાવમાં સીધો ૯૧ ટકા સુધીનો જંગી ઘટાડો નોંધાયો છે. અગાઉ કાર્ડિયાક સ્ટેન્ટ અને ની-ઈમ્પ્લાન્ટ પર યોગ્ય પ્રાઇસ કેપિંગ ન હોવાને કારણે દર્દીઓ પાસેથી અગાઉ ૪૦૦ થી ૧૦૦૦ ટકા સુધીનું તોતિંગ માર્જિન વસૂલવામાં આવતું હતું. હવે ભાવ નિયંત્રણના કડક અમલને કારણે સ્ટેન્ટ અને સાંધાના સાધનોની કિંમતમાં ૭૦ થી ૮૫ ટકાનો મોટો ઘટાડો થયો છે, જેનાથી જરૂરિયાતમંદ દર્દીઓને મોટી આર્થિક રાહત મળી છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં આરોગ્ય સેવાઓને વધુ સુલભ બનાવવા માટે અનેકવિધ પગલાં લેવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે આ યોજના હેઠળ દેશના ૫૫ કરોડ નાગરિકો તેમજ ૭૦ વર્ષથી વધુ વયના તમામ વડીલોને ૫ લાખ સુધીની મફત અને કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દેશમાં અગાઉ છ દાયકા સુધી માત્ર એક જ એઈમ્સ હતી અને હાલમાં 23 એઈમ્સ કાર્યરત છે. કેન્દ્ર સરકારના આ લોકકલ્યાણકારી અને ઐતિહાસિક નિર્ણયોને વડોદરા-છોટાઉદેપુર કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશનના પ્રમુખ મનીષ પટેલ સહિતના હોદ્દેદારો અને સભ્યોએ હાર્દિક સ્વાગત કરી અભિનંદન પાઠવ્યા છે.

તહેવારોમાં ભીડને પહોંચી વળવા પશ્ચિમ રેલવેનો નિર્ણય

પ્રતાપનગર-સંતરાગાછી વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડશે

વડોદરા મંડળની ટ્રેનને ભરૂચ-સુરત સહિત 15 સ્ટેશને સ્ટોપેજ, બુકિંગ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

દિવાળી અને છઠના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી ભીડને નિયંત્રિત કરવા અને મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા વડોદરા મંડળના પ્રતાપનગરથી પશ્ચિમ બંગાળના સંતરાગાછી વચ્ચે વન-ટ્રીપ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ ટ્રેનનું શિડ્યુલ જાહેર કરાયું છે. ટ્રેન નં. 09165 પ્રતાપનગર - સંતરાગાછી સ્પેશિયલ સોમવાર, તા. 2 નવેમ્બર 2026ના રોજ બપોરે 13:30 કલાકે પ્રતાપનગરથી ઉપડશે અને બુધવારે રાત્રે 00:30 કલાકે સંતરાગાછી પહોંચશે. ટ્રેન નં. 09166 સંતરાગાછી - પ્રતાપનગર સ્પેશિયલ બુધવાર, તા. 4 નવેમ્બર 2026ના રોજ સાંજે 19:00 કલાકે સંતરાગાછીથી ઉપડશે અને શુક્રવારે સવારે 09:15 કલાકે પ્રતાપનગર પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, સુરત, નંદુરબાર, ભુસાવલ, બડનેરા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ઝારસુગુડા, રાઉરકેલા, ચક્રધરપુર, ટાટાનગર અને ખડગપુર સ્ટેશનો પર રોકાશે. ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચની સુવિધા રહેશે. ટ્રેન નં. 09165નું બુકિંગ આજે તા. 31 ઓક્ટોબરથી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. વધુ માહિતી માટે વેબસાઈટ પર જોવા અનુરોધ કરાયો છે.

બેભાન હાલતમાં મળી આવેલા અજાણ્યા વૃદ્ધનું મોત નીપજ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧

શહેરની સયાજી હોસ્પિટલ પરિસરમાં આવેલી કેન્ટિન પાસેથી આશરે ૬૫ વર્ષીય અજાણ્યો પુરુષ બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. તુરંત જ તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા.મૂળ વારસદાર કે ઓળખ વગરના આ વૃદ્ધ દર્દીને હોસ્પિટલના સર્જરી 'એફ' યુનિટમાં સઘન તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. જો કે, ફરજ પરના તબીબોના તમામ પ્રયાસો છતાં સારવાર દરમિયાન તેમનું દુઃખદ અવસાન થયું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ પ્રશાસન દ્વારા તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. આ મામલે રાવપુરા પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચીને અકુદરતી મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટ્રેનોમાં નશાના કાળા કારોબારનો પર્દાફાશ

પુરી-અમદાવાદ એક્સપ્રેસમાંથી રૂ.૧૧.૮૫૫ કિલો ગાંજો મળ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧

ગુજરાતમાં રેલવે ટ્રેનો મારફતે નશીલા પદાર્થોની હેરાફેરીનો કાળો કારોબાર બેરોકટોક ચાલી રહ્યો હોવાની વધુ એક ઘટના સામે આવી છે. પુરીથી અમદાવાદ આવતી સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાંથી 11.855 કિલો ગાંજાનો જથ્થો મળી આવતાં રેલવે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. બે અલગ-અલગ રંગનાં બેગમાં ગાંજો ભરીને જનરલ કોચ વચ્ચેના કોરિડોરમાં બિનવારસી હાલતમાં મૂકી દેવામાં આવ્યો હતો. ANW અને SOGની સંયુક્ત ટીમે રૂ.5.92 લાખની કિંમતનો ગાંજો કબજે કર્યો છે, જ્યારે જથ્થો મૂકનાર શખસ પોલીસને હાથતાળી આપીને ફરાર થઈ ગયો છે. મિશન સેફ સ્ટેશન અંતર્ગત આંતરરાજ્ય ટ્રેનોમાં નશીલા પદાર્થોની હેરાફેરી રોકવા કડક સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં તસ્કરો ટ્રેનોને નશીલા પદાર્થોની હેરાફેરી માટે માધ્યમ બનાવી રહ્યા છે. દરમિયાન ANWની ટીમ નંદુરબારથી ટ્રેન નંબર 20861 અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં પેટ્રોલિંગ કરી રહી હતી. સવારે 7:10 વાગ્યે ટ્રેન વરણામા સ્ટેશન પસાર થયા બાદ એન્જિન તરફના ભાગે બે જનરલ કોચ વચ્ચેના કોરિડોરમાં મરૂન અને વાદળી રંગનાં બે શંકાસ્પદ બેગ નજરે પડ્યાં હતાં.



તપાસ કરતાં બંને બેગમાંથી 11.855 કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસની કાર્યવાહી દરમિયાન જથ્થો કોઈ અજાણ્યો શખસ મૂકી ફરાર થયો હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પોલીસ સબ ઈન્સ્પેક્ટર રઘુભાઈ રાજાભાઈ આલની ફરિયાદના આધારે વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની કલમ 8(C), 20(B) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે ગાંજાનો જથ્થો ટ્રેનમાં ક્યાંથી ચડાવવામાં આવ્યો હતો, કોના સુધી પહોંચાડવાનો હતો અને આ હેરાફેરી પાછળ કોઈ મોટું નેટવર્ક કાર્યરત છે કે કેમ? તેની તપાસ શરૂ કરાઈ છે.

તિજોરીનું લોકર તોડી રૂ.1.24 લાખની ચોરી

ગરબામાં ગયેલા બેંક મેનેજરના મકાનમાં તસ્કરોનું ઓડિટ

ગોરવા વિસ્તારની નીપા ટેનામેન્ટમાં બંધ મકાનને નિશાન બનાવ્યું

સોનાની ચેઇન, બ્રેસલેટ, બુટ્ટી અને રોકડ લઈને તસ્કરો ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧

વડોદરા શહેરમાં તસ્કરો બંધ મકાનોને નિશાન બનાવી રહ્યા છે ત્યારે ગોરવા વિસ્તારમાં વધુ એક ચોરીની ઘટના સામે આવી છે. પરિવાર સાથે ગરબા જોવા ગયેલા બેંક મેનેજરના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ લોખંડની તિજોરીનું લોકર તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.1.24 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. થઈ ગયા હતા.

ગોરવાની નીપા ટેનામેન્ટમાં રહેતા હરેશભાઈ રાજવંત સાવલી ખાતે આવેલી HDFC બેંકમાં ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત 17 ઓક્ટોબરની રાત્રે તેઓ પરિવાર સાથે વાસણા રોડ પર ગરબા જોવા ગયા હતા. આ દરમિયાન મકાન બંધ હોવાનો લાભ લઈ તસ્કરોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો.

બીજા દિવસે વહેલી સવારે પરિવાર પરત ફર્યો ત્યારે ગેલેરીનો દરવાજો ખુલ્લો હતો અને ઘરમાં સામાન વેરવિખેર પડેલો જોવા મળ્યો હતો. તપાસ કરતાં લોખંડની તિજોરીનું લોકર તૂટેલું જણાયું હતું. તસ્કરો 13 ગ્રામની સોનાની ચેઈન, બ્રેસલેટ, બુટ્ટી અને રૂ.6 હજાર રોકડા મળી કુલ રૂ.1.24 લાખની મત્તા ચોરી ગયા હોવાનું બહાર આવ્યું હતું. બનાવ અંગે હરેશભાઈએ ગોરવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચૂંટણી બાદ કાઉન્સિલરો અદ્રશ્ય થતાં સ્થાનિકોમાં ભારે રોષ

ફતેપુરા પોસ્ટ ઓફિસ પાછળ ડ્રેનેજ ગમે ત્યારે મોટી દુર્ઘટનાને નોતરશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

સ્માર્ટ સિટી વડોદરાના વોર્ડ નંબર ૬માં તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર સામે આવી છે. ફતેપુરા પોસ્ટ ઓફિસની પાછળ આવેલા ધમધમતા ગણપતિ ચોક પાસે જાહેર રોડ પર જ ડ્રેનેજની ગટરનું ઢાંકણું તૂટી જતાં રાહદારીઓ અને વાહનચાલકો માટે ભારે અકસ્માતનું જોખમ ઊભું થયું છે. સંવેદનશીલ અને ગીચ વિસ્તારમાં ખુલ્લી પડેલી આ ગટર ગમે ત્યારે મોટા અકસ્માતને નોતરું આપી શકે તેમ હોવાથી સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામે ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, દરરોજ સેંકડો લોકો આ મુખ્ય રસ્તા પરથી પસાર થાય છે. રાત્રિના સમયે અથવા તો ટ્રાફિકના કલાકો દરમિયાન ખુલ્લું ડ્રેનેજ નજરે ન પડતાં કોઈ વાહનચાલક કે રાહદારી તેમાં ખાબકે તો મોટી જાનહાનિ



થવાની પૂરેપૂરી શક્યતા છે. સ્માર્ટ સિટીના મોટા-મોટા દાવાઓ કરતી વડોદરા મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ અને નાગરિકોની સુરક્ષા પ્રત્યે કેટલી ઉદાસીન છે, તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

આ વિસ્તારના રોષે ભરાયેલા નાગરિકોએ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સામે આકરા આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે ચૂંટણી સમયે ઘરે-ઘરે આવીને મત માગતા વર્તમાન કાઉન્સિલરો જીત્યા બાદ જાણે ગાયબ જ થઈ ગયા છે. આજે જ્યારે વિસ્તારમાં ડ્રેનેજની ગંભીર સમસ્યા ઊભી થઈ છે, ત્યારે કોઈ કાઉન્સિલર ડોકાવા પણ તૈયાર નથી. પરિણામે, સ્થાનિકોને આજે પણ પોતાના વિસ્તારના કામો કરાવવા માટે પૂર્વ કાઉન્સિલર કેતન બ્રહ્મભટ્ટનો સંપર્ક કરવાની ફરજ પડી રહી છે. જનતામાં હવે એક જ સવાલ ઘૂમરાઈ રહ્યો છે કે ચૂંટણી જીતીને ગાયબ થઈ ગયેલા વર્તમાન કાઉન્સિલરો આખરે ક્યાં છે? શું તંત્ર કે લોકપ્રતિનિધિઓ કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યા છે? સ્થાનિકોએ આક્રોશ સાથે માંગ કરી છે કે વહેલામાં વહેલી તકે આ જોખમી ડ્રેનેજના ઢાંકણાનું યોગ્ય સમારકામ કર વામાં આવે, નહીંતર આગામી દિવસોમાં પાલિકા તંત્ર અને નિષ્ક્રિય કા ઉન્સિલરો સામે વિરોધ પ્રદર્શન કરવાની ફરજ પડશે.

હવે ૧૫ નવેમ્બર સુધી કરી શકાશે અરજી

NMMSS શિષ્યવૃત્તિ માટેની અરજીની તારીખ લંબાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

આર્થિક રીતે નબળા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ચલાવાતી નેશનલ મીન્સ-કમ-મેરિટ સ્કોલરશિપ યોજના 2026-27 માટે ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવી છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા હવે નવી અંતિમ તારીખ 15 નવેમ્બર 2026 જાહેર કરવામાં આવી છે, જેનો લાભ હજારો વિદ્યાર્થીઓને મળશે. નેશનલ સ્કોલરશિપ પોર્ટલ પર અરજી કરવા માટે વિદ્યાર્થીઓને વધારાનો સમય મળી રહેશે અને ચકાસણીની પ્રક્રિયા પણ સરળ બનશે. આ માટે સંસ્થા અને જિલ્લા કક્ષાનું નવું સમયપત્રક પણ જાહેર કરાયું છે. જેમાં અરજી કરવાની છેલ્લી તારીખ 15 નવેમ્બર, 2026, સંસ્થા નોડલ ઓફિસર દ્વારા ચકાસણી 30 નવેમ્બર સુધી કરાશે. જિલ્લા નોડલ ઓફિસર દ્વારા ચકાસણી 15 ડિસેમ્બર સુધી કરાશે. નેશનલ સ્કોલરશિપ પોર્ટલ 1 જૂન 2026 થી ખુલ્લું છે. અરજી પહેલા વિદ્યાર્થીઓએ વન-ટાઈમ રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. 30 ઓક્ટોબર 2026 સુધીમાં સમગ્ર દેશમાંથી 90,483 ફ્રેશ અને 1,99,531 રિન્યુઅલ અરજીઓ મળી ચૂકી છે. જેમણે અરજી કરી દીધી છે તેમણે પોતાની અરજી સમયસર વેરિફાય થાય તેની તકેદારી રાખવા તંત્રએ અનુરોધ કર્યો છે. રાજ્ય સરકાર, અનુદાનિત અને સ્થાનિક સ્વરાજ્યની શાળાઓમાં ભણતા પાત્ર વિદ્યાર્થીઓને દર વર્ષે રૂ. 12,000 ની સહાય સીધી તેમના બેંક ખાતામાં ડિબિટી દ્વારા આપવામાં આવે છે. ધોરણ 7 માં ઓછામાં ઓછા 55% ગુણ (એસસી-એસટી માટે 5% છૂટછાટ) અને વાલીની વાર્ષિક આવક રૂ. 3.50 લાખથી વધુ ન હોવી જોઈએ. ધોરણ 9 ના વિદ્યાર્થીઓ માટે લેવાતી પસંદગી પરીક્ષા પાસ કર્યા બાદ આ શિષ્યવૃત્તિ ધોરણ 10 થી 12 સુધી રિન્યુ થાય છે.

લાંબા સમયથી દૂષિત પાણીની ફરિયાદો છતાં તંત્રની બેદરકારી

ટીપી-૧૩ પાણીની ટાંકીની સફાઈ દરમિયાન નીકળ્યું કાળું પાણી

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

શહેરમાં નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી પૂરું પાડવાના વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના દાવાઓ સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. તાજેતરમાં શહેરના ટીપી-૧૩ વિસ્તારમાં આવેલી પાણીની ટાંકીની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી હતી. ટાંકીની સફાઈ દરમિયાન શરૂઆતના તબક્કામાં જ કાળા રંગનું અને અત્યંત દૂષિત પાણી બહાર નીકળતાં સ્થાનિક વિસ્તારમાં ભારે ખળભળાટ મચી ગયો છે. શુદ્ધ પાણીની જગ્યાએ કાળા રંગનું દૂષિત પાણી અને ટાંકીની અંદર જમા થયેલો મોટા પ્રમાણમાં કાદવ-કચરો જોઈને સફાઈકર્મીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ ઘટનાએ એ વાતની પોલ ખોલી નાખી છે કે અત્યાર સુધી કોર્પોરેશન દ્વારા આ ટાંકીમાંથી નાગરિકોને કેવા પ્રકારનું જોખમી અને દૂષિત પાણી પૂરું પાડવામાં આવી રહ્યું હશે.

આ ગંભીર બેદરકારી સામે આવતા વોર્ડ નંબર-1ના કોંગ્રેસનાં કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાએ આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી નાગરિકો દ્વારા દૂષિત પાણી



મળી રહ્યું હોવાની અનેક ફરિયાદો કરવામાં આવી રહી હતી. આ અંગે અવારનવાર સંબંધિત તંત્ર અને અધિકારીઓ સમક્ષ રજૂઆતો અને ટકોર કરવામાં આવી હતી, પરંતુ તંત્ર દ્વારા લાંબી લાપરવાહી બાદ માંડ આ ટાંકીની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાઉન્સિલરે વધુમાં આક્ષેપ કર્યો હતો કે નિયમો અનુસાર વર્ષમાં ઓછામાં ઓછા એકથી બે વખત પાણીની ટાંકીઓની યોગ્ય સફાઈ અને ક્લોરિનેશન થવું અનિવાર્ય છે, પરંતુ વડોદરા શહેરમાં આવેલી અન્ય પાણીની ટાંકીઓની પણ આ જ સ્થિતિ હશે અને નિયમિત સફાઈ થતી ન હોવાની શંકા વ્યક્ત કરી હતી.

મકરપુરાના યુવાનને અલવાનાકા પાસે પતંગના દોરાથી ગળામાં ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧

શહેરમાં ઉત્તરાયણ પર્વ અગાઉ જ પતંગના ઘાતક દોરાએ એક નિર્દોષ યુવાનનો ભોગ લેતા લેતા બચાવ્યો છે. મકરપુરા ગામના રહેવાસી ૨૦ વર્ષીય ધર્મેશ શનાભાઈ રાઠોડ શનિવારે બપોરે અલવાનાકાથી જ્યુપિટર ચાર રસ્તા તરફ પોતાના વાહન પર જઈ રહ્યા હતા, તે દરમિયાન અચાનક જ રસ્તામાં પતંગનો જીવલેણ દોરો ગળામાં આવી જવાથી અકસ્માત સર્જાયો હતો. આ અણધારી દુર્ઘટનામાં ધર્મેશના ગળાના ભાગે ઈજા પહોંચતા યુવાન ઘાયલ થઈને રસ્તા પર ફસડાઈ પડ્યો હતો. ઈજાગ્રસ્ત યુવાન સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે આવ્યો હતો, જ્યાં તબીબોની ટીમ દ્વારા તેની સારવાર હાથ ધરવામાં આવી છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહેવાસીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે અને પ્રતિબંધિત હોવા છતાં બેરોકટોક વેચાતી ચાઈનીઝ કે નાયલોન દોરી સામે તંત્ર કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી રહી છે.

ગોત્રી જકાતનાકા પાસે હાઈ વોલ્ટેજ ડ્રામા

નશામાં ધૂત બુલેટ ચાલકે સર્જ્યો અકસ્માત, ટોળાએ મેથીપાક આપ્યો

ચાલકે માફી માંગવા છતાં ટપલીદાવ, માર્ગ પર લાંબો ટ્રાફિક જામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

ગોત્રી જકાતનાકા પાસે ગઈકાલે મોડી સાંજે હાઈ વોલ્ટેજ ડ્રામાના દ્રશ્યો સર્જાયા હતા.ઓશીયા મોલ નજીક બુલેટની ટક્કરથી અફરાતફરી મચી હતી. જોકે, ચાલકે માફી માંગવા છતાં ટપલીદાવ થયો હતો અને માર્ગ પર ટ્રાફિક જામ સર્જાયી હતો. પ્રાપ્ત વિગત મુજબ, ઓશીયા મોલ નજીક એક ટુ-વ્હીલર બુલેટ ચાલકે બેફામ રીતે વાહન હંકારી અકસ્માત સર્જ્યો હતો. ચાલક નશાની હાલતમાં હોય તેવું પ્રથમ દૃષ્ટિએ લાગી રહ્યું હતું. તેનો કાબૂ વાહન પરથી ગૂમાવતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં



કોઈને ગંભીર ઈજા પહોંચી નથી કે જાનહાનિ ટળી હતી. અકસ્માત સર્જાયા બાદ ગભરાયેલા બુલેટ ચાલકે સ્થળ પર હાજર લોકોની માફી માંગવાનું શરૂ કર્યું હતું. જોકે, નશામાં વાહન ચલાવી અન્ય લોકોના જીવ જોખમમાં મૂકવા બદલ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જોતજોતામાં આસપાસના લોકોના ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા અને ચાલક સાથે બોલાચાલી અને ટપલીદાવના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાને પગલે ગોત્રી જકાતનાકા તરફ જતા મુખ્ય માર્ગ પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. વાહનોની લાંબી કતારો લાગતા અન્ય વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા મામલો થાળે પડ્યો હતો.

ભારતમાં વસ્તી ગણતરીની તારીખો જાહેર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦

દેશમાં આગામી વસ્તી ગણતરી અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ સૂચના મુજબ, મણિપુર રાજ્ય સિવાયના ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વસ્તી ગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સાથોસાથ ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા, ઉત્તરાખંડ, લદાખ તેમજ હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના બરફથી આચ્છાદિત વિસ્તારો માટે ખાસ સમયપત્રક નક્કી કરવામાં આવ્યું છે. વસ્તીની મુખ્ય ગણતરી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૭ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન કરાશે. આ ગણતરી પૂર્ણ થયા બાદ ૧ માર્ચ, ૨૦૨૭ થી ૫ માર્ચ, ૨૦૨૭ સુધી પુનરીક્ષણ દોર ચાલશે. ઘર-ઘર જઈને ગણતરી શરૂ થતા પહેલા, નાગરિકો માટે ૧૦ જાન્યુ. થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી સ્વ-ગણના કરવાનો વિશેષ વિકલ્પ ઉપલબ્ધ રહેશે. ૧ માર્ચ, ૨૦૨૭ ના રોજ ૦૦:૦૦ કલાક સંદર્ભ તારીખ તરીકે નક્કી કરવામાં આવી છે.

સારવાર મળે તે પહેલા જ મોક્ષી ગામના યુવાનનું મોત

સાંકરદા બસ સ્ટેશન પાસે કન્ટેનર અકસ્માતમાં યુવાનનું મોત નિપજ્યું

સવારે ૧૧:૩૦ વાગ્યે એક્ટિવા પર જઈ રહેલા દક્ષેશભાઈ પઢિયારને કન્ટેનર સાથે અકસ્માત નડ્યો હતો

૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સયાજી હોસ્પિટલ ખસેડાયેલા, પંથકમાં શોકનું મોજું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧

સાંકરદા બસ સ્ટેશન પાસેથી એક્ટિવા લઈને પસાર થઈ રહેલા મોક્ષી ગામના યુવાનને કન્ટેનર સાથે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં તેમનું મોત નીપજ્યું છે. આ દુર્ઘટનાએ સમગ્ર પંથકમાં શોકનું મોજું ફેલાવી દીધું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોક્ષી ગામની નવીનગરીમાં રહેતા ૨૪ વર્ષીય દક્ષેશભાઈ રમેશભાઈ પઢિયાર શનિવારે સવારે અંદાજે ૧૧:૩૦ વાગ્યે પોતાના એક્ટિવા પર સવાર થઈને સાંકરદા બસ સ્ટેશન પાસેથી જઈ રહ્યા હતા. આ દરમિયાન કન્ટેનર સાથે તેઓનો અકસ્માત થયો હતો, જેના કારણે તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને દક્ષેશભાઈને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. યુવાન પુત્રના અચાનક અવસાનથી પરિવારમાં આક્રંદ મચી ગયો છે. નંદેસરી પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનિય છે કે અકસ્માતની દુર્ઘટના બાદ નાનકડા સાકરંદા ગામ ખાતે લોકટોળા જામી ગયા હતા અને થોડા સમય માટે ટ્રાફિક જામ પણ થયો હોવાના સમાચાર સાંપડ્યા છે.

આદિવાસી ન્યાય યાત્રાનું સુખસર ખાતે ભવ્ય સ્વાગત

(પ્રતિનિધિ) સુખસર,તા.31

આદિવાસી સમાજના હક્ક, અધિકાર,બંધારણીય મૂલ્યો અને ન્યાયની બુલંદ માંગ સાથે નીકળેલી 'આદિવાસી ન્યાય યાત્રા' આજે સુખસર ખાતે આવી પહોંચતાં સ્થાનિક નાગરિકો અને કાર્યકરો દ્વારા તેનું ઉત્સાહભેર અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય શ્રી ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં યોજાયેલી આ યાત્રાનું નેતૃત્વ તેમના ધર્મપત્ની શ્રીમતી વર્ષાબેન વસાવા તથા શ્રીમતી શકુંતલાબેન વસાવા કરી રહ્યા છે.આ યાત્રામાં છોટાઉદેપુરથી રાધિકાબેન રાઠવા,નિરંજન વસાવા, રાજુભાઈ વળવાઈ તેમજ જીગીશાબેન પારગી સહિતના સામાજિક અને રાજકીય આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.દક્ષિણ ગુજરાતના ઉમરગામથી શરૂ થયેલી આ ન્યાય યાત્રા ઉત્તર ગુજરાતના યાત્રાધામ અંબાજી ખાતે પૂર્ણ થશે.